SAURASHTRA UNIVERSITY
P.G.T.R. Section
Main office,
First Floor,
University Road,
Rajkot - 360 005(Gujarat)
Phone No. : 2578501
Fax:(0281)2586983
www.saurashtrauniversity.edu

Accredited Grade'A' by
NAAC

પરીપત્ર :–

સંદર્ભ :–(૧) પીજીટીઆર વિભાગના પત્રક્રમાંક નં.પીજી/૧૭૧૯/૧૨, તા.૧૪–૦૬–૧૨
(૨) અત્રેના વિભાગના પત્ર નં. PGTR/1/Ph.D./4191/15, Dt.13-08-2015
(૩) આ વિભાગની તા.૧૫–૦૯–૨૦૧૫ની નોંધ
(૪) અત્રેના વિભાગના પત્ર નં. PGTR/Ph.D./1/4744/15, Dt.24-09-2015
(૫) અત્રેના વિભાગના પત્ર નં. PGTR/Ph.D./1/3070/15, Dt.27-07-2015
**(૬) આ વિભાગના પરીપત્રક્રમાંક નં. PGTR/1/4395/15, Dt.02-09-2015**
**(૭) આ વિભાગના પરીપત્રક્રમાંક નં. PGTR/1/4113/15, Dt.06-08-2015**
**(૮) આ વિભાગના પરીપત્રક્રમાંક નં. PGTR/1/4395/15, Dt.02-09-2015**
**(૯) આ વિભાગના પરીપત્રક્રમાંક નં. PGTR/1/5536/15, Dt.26-11-2015**
**(૧૦) અત્રેના વિભાગની તા.૧૭–૧૦–૨૦૧૬ની નોંધ માં પ્રાપ્ત માન.કુલપતિશ્રીના આદેશ મુજબ**
**(૧૧) U.G.C. Ph. D. Regulation - 2016**

**શૈક્ષણીક વર્ષ ૨૦૧૬ – ૨૦૧૭ ના વર્ષ માટે પીએચ.ડી. પ્રવેશ સબંધીત કાર્યવાહી માટે નીચે મુજબનું Schedule નકકી કરવામાં આવેલ છે.**

| ક્રમ | વિગત | તારીખ | થી તારીખ |
|---|---|---|---|
| ૨ | **પીએચ.ડી.ની ઓનલાઈન એન્ટ્રન્સ પરીક્ષાની તારીખ** | ૧૨–૧૧–૨૦૧૬ | તા.૧૩–૧૧–૨૦૧૬ |
| ૩ | **પીએચ.ડી.ની ઓનલાઈન એન્ટ્રન્સ પરીક્ષાની પરીણામની તારીખ** | ૧૩–૧૧–૨૦૧૬ | |
| ૪ | **પીએચ.ડી. રીસર્ચ પ્રપોઝલની જાહેરાતની તારીખ** | ૧૪–૧૧–૨૦૧૬ | |
| ૩ | **પીએચ.ડી. રીસર્ચ પ્રપોઝલ જમા કરાવવાની તારીખ** | ૧૪–૧૧–૨૦૧૬ | થી ૨૨–૧૧–૨૦૧૬ |
| ૪ | **DRC (Department Research Committee) ની મીટીગ** | ૨૩–૧૧–૨૦૧૬ | થી ૩૦–૧૧–૨૦૧૬ |
| ૫ | **Course Work (60 Hours)** | ૦૧–૧૨–૨૦૧૬ | થી ૩૧–૧૨–૨૦૧૬ |
| ૬ | **RAC - (Research Advisory Committee) ની મીટીગ** | **During Course Work** | |

સંદર્ભ (૧) ના પરીપત્રમાં નીચે મુજબની વિગતો દર્શાવવામાં આવેલ હતી.

આથી સર્વે અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને તથા વિવિધ વિષયોની અભ્યાસ સમિતિના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે, યુ.જી.સી. રેગ્યુલેશન –૨૦૦૯ (minimum Standards and Procedure for award of Ph.D.Degree.) Regulation 2009] અને તે અન્વયેના પીએચ.ડી. ઓર્ડિનન્સ અનુસાર પીએચ.ડી. અભ્યાસક્રમ માં પ્રવેશ માટે રાજય સરકારશ્રી ની અનામત ની જોગવાઈ ઓ અનુસાર પાલન કરવું ફરજીયાત હોય દરેક ભવનને અને જે વિષયનું ભવન ન હોય તે વિષયમાં તે વિષયના અભ્યાસ સમિતિના અધ્યક્ષશ્રી દ્વારા અનામતની જોગવાઈઓ નું ચુસ્તપણે પાલન કરવું તથા તે માટે વર્ષોવર્ષ ઉતરોતર રોસ્ટર રજીસ્ટર નિભાવવાનુ રહેશે. રોસ્ટર ક્રમાંક પત્રક આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે.

ઉપરોક્ત દર્શાવ્યા અનુસાર રોસ્ટર રજીસ્ટરની નિભાવણી શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ ની અસરથી કરવાની રહેશે, જેની પણ સર્વેએ નોંધ લેવી.

<u>સંદર્ભ (૨) (૩) તથા (૪) ના પરીપત્રમાં નીચે મુજબની વિગતો દર્શાવવામાં આવેલ હતી.</u>

સંદર્ભ (૨) અને (૩) અન્વયે અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ અને સબંધીત બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનશ્રીઓને આદેશાનુસાર જણાવવામાં આવે છે કે, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી આર.ડી.સી. યોજવા માટે અને Ph.D. પ્રવેશ અંગે અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે નીચેના મુદાઓ ધ્યાનમાં લેવા વિનંતી છે.

૧ પ્રવેશ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપવાની રહેશે.
૨ જગ્યા ખાલી રહે તો અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.
૩ અનામત કેટેગરીની જગ્યામાં પણ સીટ ખાલી રહે તો અન્ય યુનિવર્સિટીના તે જ કેટેગરીના ઉમેદવારોને પ્રવેશ આપવાનો રહેશે. ત્યાર બાદ પણ જો સીટ ખાલી રહે તો આપણી યુનિવર્સિટીના બીનઅનામત કેટેગરીના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

સંદર્ભ (૫) ના પરીપત્રમાં નીચે મુજબની વિગતો દર્શાવવામાં આવેલ હતી.

આથી યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ / સબંધીત બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનશ્રીઓને જણાવવામાં આવે છે કે, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને આર.ડી.સી. યોજવા માટે અને Ph.D. પ્રવેશમાં અનામત નિતીનાં અમલ અર્થે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે છે. મુદાઓ ધ્યાનમાં રાખવાના રહેશે. જે નીચે મુજબ છે.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | રોસ્ટર રજીસ્ટરક્રમ અચુક નિભાવવાનો રહેશે. |
| ૨ | આગામી વર્ષનો રોસ્ટર ક્રમાંક જયાંથી અટકેલ હોય, ત્યાર પછીના વર્ષ માટે ત્યાર બાદના ક્રમાક મુજબ રોસ્ટર ક્રમાંક ગણવાનો રહેશે. |
| ૩ | જેટલી જગ્યાઓ ઉપલબ્ધ હોય તેનાથી વધારે જગ્યાઓ મંજૂર ન કરવી. |
| ૪ | જે કેટેગરીમાં ઉમેદવારો ઉપલબ્ધ હોય તે કેટેગરીનાં ઉમેદવારોની દરખાસ્ત રીજેકટ થાય તે સંજોગોમાં તે કેટેગરીની ખાલી રહેલી જગ્યા ઉપર અન્ય ઉમેદવારને પ્રવેશ આપી શકાશે નહી. / આપવો નહી. |
| ૫ | SC / ST કેટેગરીના ઉમેદવારો ન હોઈ તો અન્ય કેટેગરીના વિદ્યાર્થીને પ્રવેશ આપી શકાશે પરંતુ તેવા કારણોસર રોસ્ટર ક્રમમાં કોઈ ફેરફાર કરવાનો રહેશે નહી. |
| ૬ | ગાઈડનાં નામ (અટક, નામ, પિતાનું નામ) અંગ્રેજી આલ્ફાબેટ ઓર્ડરમાં ગોઠવી, તેની સીટનાં ક્રમ લખી તેની સામે રોસ્ટર ક્રમ નકકી કરી તે અનુસાર વિદ્યાર્થી ફાળવવા. (રદ કરેલ છે.) |
| ૭ | વિદ્યાર્થીનાં Research Interest area અલગ હોય તેવા કિસ્સામાં માત્ર ગાઈડની લેખિત અરસ – પરસ સમંતિથી કેટેગરી બદલાવી શકાશે. |

ઉપરોકત મુદાઓ ધ્યાનમાં રાખી આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ ની આર.ડી.સી. કરવાની રહેશે.

સંદર્ભ (૬) ના પરીપત્રમાં નીચે મુજબની વિગતો દર્શાવવામાં આવેલ હતી.

| | |
|---|---|
| ૧ | **Ph.D. ના ઓર્ડીનાન્સનો અમલ કરવાનો રહેશે.** |
| ૨ | **Course Work ના પ્રમાણપત્રમાં Course Work અંગેનો સમયગાળો, વિષય, ફેકલ્ટી, હાજરીના ટકા તેમન ગ્રેડનો ઉલ્લેખ અવશ્ય કરવાનો રહેશે.** |
| ૩ | **ઈન્ટરડીસીપ્લીનરી વિષયમાં પીએચ.ડી.માં રજીસ્ટર્ડ થવા માંગતા વિદ્યાર્થીઓ માટે O.Ph.D. 5 નો અમલ કરવાનો રહેશે. બંને બાહય વિષય નિષ્ણાંતનો ફીઝીબીલીટી રીપોર્ટ આવ્યા બાદ આર.ડી.સી. માં મુકવાનું રહેશે. સદરહું વિદ્યાર્થીઓનો અનુસ્નાતક ડીગ્રી માં જે વિષય હોય તે ભવનમાં Course Work કરવાનું રહેશે.** |
| ૪ | **પીએચ.ડી. રજીસ્ટ્રેશન ફોર્મ સાથે ફકત સ્વપ્રમાણિત નકલો જ મોકલવાની રહેશે.** |

સંદર્ભ (૭) (૮) તથા સંદર્ભ (૯) ના પરીપત્રમાં નીચે મુજબની વિગતો દર્શાવવામાં આવેલ હતી.

**યુનિવર્સિટી સ્થિત તમામ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા અન્ય વિષયના બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેનશ્રીઓને શૈક્ષણીક વર્ષ ૨૦૧૬–૧૭ થી પીએચ.ડી.માં રજીસ્ટ્રેશન સબંધીત નીચેની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે.**

**૧ પીએચ.ડી.માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ૬૦ કલાકના કોર્ષવર્કમાં ૮૦ % ની હાજરી ફરજીયાત છે.**
**૨ કોર્ષવર્કમાં એ અથવા બી ગ્રેડ પ્રાપ્ત થયેલ હોય તે વિદ્યાર્થી લાયક ગણાશે.**
**૩ કોર્ષવર્ક નિર્ધારીત સમયમાં પુરૂ કરવાનું રહેશે.**
**૪ કોર્ષવર્કનું પ્રમાણપત્ર ઈસ્યુ થયા બાદ વિદ્યાર્થીઓએ કોર્ષવર્કના પ્રમાણપત્રની ઝેરોક્ષ રજુ કરીને પી.જી.ટી.આર. વિભાગ મારફત પીએચ.ડી. રજીસ્ટ્રેશનની ફોર્મની ફી રૂા. ૫૦૦ ભરીને પ્રીન્ટેડ ફોર્મ સમય મર્યાદામાં લેવાનું રેહેશે.**
**૫ રજીસ્ટ્રેશન ફોર્મ સુવાચ્ય અક્ષરે ભરવાનું રહેશે. સુધારાની બાજુમાં કાઉન્ટર સહી કરવાની રહેશે.**
**૬ રજીસ્ટ્રેશન ફોર્મ સાથે નીચેના લાગુ પડતા પ્રમાણપત્રો / ગુણપત્રકોની <u>સ્વપ્રમાણિત</u> ઝેરોક્ષ નકલ (ઓરીજીનલ નહી) જોડીને ભવન મારફત અત્રે રજુ કરવાના રહેશે.**
- **(૧) રૂા.૫૦૦ ની પીએચ.ડી. ફોર્મ ફી ની પહોચ**
- **(૨) રૂા.૧૦૦૦ ની પીએચ.ડી. રજીસ્ટ્રેશન ફી ની પહોચ**
- **(૩) T.C. / એલીજીબીલીટી સર્ટીફીકેટ**
- **(૪) અનુસ્નાતક ગુણપત્રક**
- **(૫) PET / NET / M.Phil. / ............................................ સટીર્ફીકેટ / ગુણપત્રક**
- **(૬) ગ્રેડ, હાજરી %, કોર્ષવર્કનો સમયગાળો દર્શાવતુ કોર્ષવર્ક પ્રમાણપત્ર**
- **(૭) પીએચ.ડી. સંશોધન દરખાસ્ત**
- **(૮) છેલ્લી પાસ કરેલ પરીક્ષાનું ગુણપત્રક**
- **(૯) જાતીનું પ્રમાણપત્ર**
- **(૧૦) અન્ય જરૂરી ગુણપત્રક / પ્રમાણપત્ર**

**૭ શૈક્ષણીક વર્ષ ૨૦૧૬ – ૧૭ થી UGC Ph.D. Regulation - 2016 મુજબ અમલ કરવાનો રહેશે.**
**R.D.C. ને બદલે D.R.C. નું આયોજન કરવાનું રહેશે.**
**૮ D.R.C. માટે બાહય વિષય નિષ્ણાંતોની પેનલ ૨ વર્ષ કે પહેલાની હોય તો પુનઃ મંજુરી લેવાની રહેશે.**

**DRC (Department Research Committee)**

| | Parameters | Marks |
|---|---|---|
| 2.1 | Appropriateness of the Title with reference to Theme of the Research | 5 |
| 2.2 | Relevance / Significance of Research | 10 |
| 2.3 | Review of Literature | 15 |
| 2.4 | Research Methodology | 25 |
| | Objectives | |
| | Hypothesis / Hypotheses & Testing Procedure (WHEREEVER APPLICABLE) | |
| | Tools & Techniques of Research | |
| | Type of data, Methods of Data Collection & Analysis (AS PER RELEVANCY OF THE SUBJECT) | |
| | Consistency of research theme & methodology | |
| 2.5 | Bibilography with reference to its scientific way of presentation /writing & its completeness | 5 |
| 2.6 | Chapter Scheme | 5 |
| | TOTAL | 65 |

બિડાણ :– (૧) રોસ્ટર રજીસ્ટર
(૨) **UGC Regulation - 2016**

કુલસચિવ

ક્રમાંક/પીજીટીઆર/પીએચ.ડી./૧/૪૨૯૩/૨૦૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ તા. ૨૮/૧૦/૨૦૧૬

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સ્થિત ભવનના અધ્યક્ષશ્રીઓ તરફ....
(૨) ડીનશ્રી, તમામ વિદ્યાશાખા
(૩) અન્ય વિષયના ચેરમેન, **BOS**

<u>નકલ સાદર રવાના:–</u>
(૧) માન. કુલપતિશ્રીના / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, (વેબસાઈટ ઉપર " **Ph.D. Admission Process** " શિર્ષક અંતર્ગત સરકર્યુલરમાં પ્રસિધ્ધ કરવા માટે